PGVCL

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩ /77 તારીખ: ૨૪/૦૪/૨૦૨૩

રજી. એ. ડી. દ્વારા

પ્રતિ

હેરીટેજ બોર્ડ

સર્વે નંબર ૩૨૫/૨

લુઈસ ડાયફ્સ ઓઈલ મીલની સામે

મુપો ભીમાસર

તાલુકો:- અંજાર

ફોન નંબર:- ૦૨૮૩૬ ૨૮૫૩૮૮

વિષય: ફોલ્ટી મીટર ના બીલના રીફંડ મળવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૨/૦૦૧/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, અંજાર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, અંજાર રુરલ ૨

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email - forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા.   /      /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG02-001-2023-24

હેરીટેજ બોર્ડ
ગામઃ- ભીમાસર, તા.અંજાર જીઃ-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઇજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, અંજાર -કચ્છ...........સામાવાળા.

બાબતઃ- ફોલ્ટી મીટરના વીજ બીલમાં રીફંડ મળવા અંગે...

અરજદાર તરફે :- **શ્રી હેરીટેજ બોર્ડ વતી :- નીચે મુજબની ત્રણે મુદતમાં કોઇ હાજર રહેલ નથી**

સામેવાળાના તરફે :- એમ.આર.ધામેચા (કાર્યપાલક ઇજનેર)
પીજીવીસીએલ અંજાર વિભાગીય કચેરી, અંજાર.

કોરમ: (૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

**સુનાવણી સ્થળઃ**- કોન્ફરન્સહોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, અંજાર
તા.: ૨૫/૦૭/૨૦૨૩
તા.: ૧૭/૦૮/૨૦૨૩
તા.: ૨૮/૦૮/૨૦૨૩

# ઠરાવ

આ કામના અરજદારશ્રી હેરીટેજ બોર્ડ, પીજીવીસીએલ, અંજાર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ૨ માં ગ્રાહક નંબર 88865/00828/9 થી ૧૦૦ કી.વો. નુ ઔદ્યોગિક વીજકનેકશન ધરાવે છે.અરજદારની રજૂઆત મુજબ સદર મીટરનુ ડીસ્પલે બંધ થતા તારીખ ૧૫/૦૭/૨૦૨૨ના રોજ મીટર બદલાવેલ. ગ્રાહકના જણાવ્યા અનુસાર તારીખ ૧૧/૧૦/૨૦૨૨ રોજ લેબ ચકાસણી થયેલ, પરંતુ પીજીવીસીએલ દ્વારા ચકાસણી કર્યાં બાદ તેઓને જુના મીટરના લેબ રીપોર્ટ મુજબ મળવાપાત્ર રીફંડની રકમ મળેલ નથી .

બીજી તરફ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા રજૂઆત એવી છે કે સદરહુ અરજદારનું હેરીટેજ બોર્ડના નામનું અંજાર ગ્રામ્ય-૨ પેટા વિભાગીય કચેરીનું 88865/00828/9 થી ૧૦૦ કી.વો. નુ ઔદ્યોગિક વીજકનેકશન ધરાવે છે.છે સદરહુ વીજજોડાણમાં માસ જુન-જુલાઈ-૨૦૨૨ દરમ્યાન મીટર ફોલ્ટી જણાતાં કંપનીના નિયમ મુજબ સરેરાશ બીલ આપેલ અને તારીખ ૧૫/૦૭/૨૦૨૨ ના રોજ ના રોજ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ૨ દ્વારા મીટર બદલી કરી ને જુના વીજ મીટરને પીજીવીસીએલ અંજાર લેબોરેટરી માં ચકાસણી તારીખ ૧૧/૧૦/૨૦૨૨ રોજ થયેલ જેમાં લેબ રીપોર્ટમાં રીડીંગ અવાચ્ય આવતા મીટરને આગળની તપાસણી કંપની માં મોકલતા કપની તરફથી તારીખ ૨૮/૦૧/૨૦૨૩ ના રોજ રીપોર્ટ મળેલ .જે રજુ કરેલ છે. અને MRI report મુજબ અને લોડ સર્વે મુજબ તારીખ ૧૭/૦૪/૨૦૨૨ થી રીડીંગ આવવાનુ બંધ થયેલ છે.

145 PRT (માસિક બીલ રીપોર્ટ) અનુસાર ગ્રાહકનો માસ ડીસેમ્બર-૨૦૨૧ થી મે-૨૦૨૨ સુધીના બીલનો સરેરાશ માસિક વીજ વપરાશ અંદાજે 30,00 (ત્રીસ હજાર) યુનીટ થાય છે અને ફોલ્ટી મીટર બદલ્યા બાદ પણ એટલે કે માસ ઓગસ્ટ-૨૦૨૨ થી મે-૨૦૨૩ સુધીનું માસિક સરેરાશ વીજ વપરાશ પણ અંદાજે 30,000 (ત્રીસ હજાર)યુનીટ થાય છે.મે-૨૦૨૨માં ખરેખર બીલ્ડ થયેલ રીડીંગ અને લેબ રીપોર્ટના રીડીંગનો તફાવત એટલે કે છેલ્લા ત્રણ માસનો વપરાશ ફક્ત ૨૭૪૨ યુનીટ થાય છે જે સરેરાશ વપરાશ કરતાં ખુબ જ ઓછું છે.મીટર ફોલ્ટી થયા બાદ બે મહિના દરમ્યાન ખરેખર થયેલ વપરાશના રીડીંગ આવેલ ન હોઈ સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નંબર ૬.૫૮ તેમજ કંપની દ્વારા આપવામાં આવેલ મીટર ચકાસણી રીપોર્ટ મુજબ ગ્રાહકશ્રીને માસ જુન-૨૦૦૨૨ અને જુલાઈ-૨૦૨૨ આપેલ બીલ છેલ્લા ત્રણ માસના સરેરાશ વપરાશ પ્રમાણે છે જે કંપનીના નિયમાનુસાર આપેલ છે.મીટર બદલી થયા બાદ ગ્રાહકનો સરેરાશ માસિક વીજ વપરાશ આશરે 30,000 યુનીટ થાય છે જે 145 PRT મુજબ સામાન્ય વીજ વપરાશ હોઈ ગ્રાહકશ્રીને રીફંડ આપવા પાત્ર થતું નથી.

ફોરમ નુ તારણ

બને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ સદરહુ અરજદારને મીટરમાં ડીસ્પ્લે બંધ થતા અપાયેલ ફોલ્ટી મીટરના કુલ્લ ત્રણ માસના એવરજ બીલ ના મીટર બદલ્યા પછી રીફંડ ન

મળવા બાબતની છે, પીજીવીસીએલ તરફથી રજુઆત મુજબ સદરહુ ફરિયાદી ના વીજ કનેક્શનનુ મીટરનો ડીસપ્લે બંધ થતા ફોલ્ટી મીટરના એવરેજ બીલ નીયમ મુજબ અને સપ્લાય કોડ ૪/૨૦૧૫ ની કલમ ૬.૫૮ "જેમાં બંધ પડેલ મીટરના કેસ માં ત્રણ બીલીંગ અવધિના સરેરાશ વપરાશ ના આધારે ગાહ્કને બીલ આપવુ" એવી જોગવાઇ ને આધારે આપવામાં આવેલ છે. અને સદરહુ ફરિયાદી નુ લેબ ટેસ્ટ માં મીટરમાં રીડીગ આવેલ નથી .અને સદરહુ મીટર કંપની મોક્લતા ,કંપની તરફથી તારીખ ૨૮/૦૧/૨૦૨૩ ના રોજ રીપોર્ટ મળેલ .જે રજુ કરેલ છે. અને MRI report મુજબ અને લોડ સર્વે મુજ્બ તારીખ ૧૭/૦૪/૨૦૨૨ થી રીડીંગ આવવાનુ બંધ થયેલ છે.અને મે -૨૦૨૨માં ખરેખર બીલ્ડ થયેલ રીડીંગ અને કંપની રીપોર્ટના રીડીંગનો તફાવત એટલે કે છેલ્લા ત્રણ માસનો વપરાશ ફક્ત ૨૭૪૨ યુનીટ થાય છે (૪૪૨૨૬૪૩-૪૪૧૯૯૦૧) જે ફરિયાદી ના વીજ ક્નેકશન ની વપરાશ ની પેટર્ન સાથે સુસંગત નથી.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

પીજીવીસીએલ તરફથી સદરહુ અરજદાર ને આપવામાં આવેલ ફોલ્ટી મીટરના એવરેજ બીલ બીલ નિયમ મુજબના છે. અને જે અરજદારને ભરવાપાત્ર છે.

- અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૨૮/૦૮/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -3,ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -3૬000૧, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫